# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦ અંક : ૨૬૧



પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

જય જિનેન્દ્ર

આપણા કુટુંબો હવે નાના ને નાના થતા જાય છે. એક સમયે, સંયુક્ત કુટુંબની પ્રથા હતી પણ હવે તે બહુ થોડા જ બાકી રહ્યા હશે.

સમય પણ એવો આવ્યો છે, જ્યારે બાળકો ઉચ્ચ અભ્યાસ માટે શહેરની બહાર કે પરદેશ પણ જઈ રહ્યા છે. મોટા ભાગે તેઓ પાછા ન આવતા ત્યાંજ સ્થાયી થઈ જાય છે.

આપણે હવે એ મુકામે પહોંચ્યા છીએ જ્યાં ઘરની મહિલાઓએ ઘર સંભાળવાની જવાબદારીઓ સાથે સાથે ધંધાની જવાબદારીઓ પણ સ્વીકારવાનો સમય આવી ગયેલ છે. દસ્તાવેજોની જાણકારી સાથે સાથે ટેક્ષો ભરવાના તેમજ તે લગતા કાયદાઓનું જ્ઞાન પણ જરૂરી છે. એ મહત્વનું છે કે ફેમિલીમાં બધાય આવી જાણકારી રાખે નહીં તો ક્યારેક મુશ્કેલીમાં ફસાઈ જવાય.

હું સૌને ખાસ ભલામણ કરીશ કે કુટુંબની કમાતી વ્યક્તિનો Term Insurance જરૂરથી કઢાવે, તે ઉપરાંત હું સૌ મહિલાઓને વિનંતી કરીશ કે તેઓ પોતાના કુટુંબનો ભવિષ્ય સુરક્ષિત કરવા ખાસ પ્રયત્ન કરે.

Jai Jinendra

Our families are becoming smaller & smaller. Earlier it used to be joint families. But now, there are very few left.

The time has come where children are also going out of country or city to study. They may settle there and do not come back.

We have reached a stage now wherein now the women of the house have to participate in running the business and also look after other things, apart from household chores. They also have to learn documentation and all the taxes to be paid and rules to be complied with.

If we do not reach this stage, we will be in trouble and its very important that everyone needs to be aware of all these in the family.

I also strongly recommend that people opt for Term Insurance for the earning member of the family.

I request all the women to take keen interest in getting actively involved to protect their families future.

Thank you

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**

## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- તા. ૨૪–૪–૨૦૧૭ના ભવનમાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની સભા રાખવામાં આવી હતી.
- તા.૧૧–૬–૨૦૧૭ના ભવનમાં ૪૫મી વાર્ષિક સામાન્ય સભા રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. આ સભા દરમ્યાન વર્ષ ૨૦૧૭–૨૦૧૯ના વર્ષ માટે કારોબારી સમિતિના ૧૫ સભ્યો અને વર્ષ ૨૦૧૭–૨૦૨૧ માટે પાંચ ટ્રસ્ટીઓની ચુંટણીઓ યોજવામાં આવશે.
- શ્રી વસંતભાઈ ઉમરશી વોરા ચુંટણી અધિકારી માટે સહમતી આપતા એમને આગામી મુખ્ય ચુંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.
- તા. ૨૩–૪–૨૦૧૭ના સાંજના ભવનમાં માનવ મિત્ર સમિતિ દ્વારા મુઠ્ઠીભર અનાજનાં વોલીન્ટર ભાઈઓ અને બહેનોને સન્માન સર્ટિફીકેટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ, વોલીન્ટર ભાઈઓ અને બહેનો પોતાનો અમુલ્ય સમય આપી ખરેખર અસહાય બાળકો અને મોટાઓની સેવા કરી રહ્યા છે. કાર્યક્રમમાં વોલીન્ટર ભાઈ–બહેનો તરફથી હૃદયસ્પર્થી સ્ટેજ પ્રોગ્રામની રજૂઆત કરવામાં આવેલ. શ્રી હિતેનભાઈ સંગોઈ તથા સાથી કાર્યકર્તાઓ તેમજ માનવ મિત્ર સમિતિના સંચાલક શ્રી હરિલાલભાઈ સાવલાને ખૂબ–ખૂબ અભિનંદન.
- **જોત–જોતામાં બે વર્ષ પૂર્ણ થાય છે. આ બે વર્ષના સમયગાળા દરમ્યાન ટ્રસ્ટ મંડળ–કારોબારી સમિતિના સભ્યો, મંડળના કર્મચારીગણ તેમજ આપ સૌના સહકાર બદલ સર્વેનો ખૂબ જ આભાર. જાણતા–અજાણતા કોઈ પણ સભ્ય સાથે અવિનય અવિવેક થયો હોય, કોઈની લાગણી દુભાઈ હોય તે બદલ હૃદયપૂર્વક મિચ્છામી દુક્કડમ્ ક્ષમા કરશોજી.**

## સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

૧ મે ૧૯૬૦ ગુજરાતનો સ્થાપના દિવસ. બધાયને કેટલાય સ્થાપના દિવસની શુભેચ્છાના whatsup આવ્યા હશે અને આપણે સહુએ એકબીજાને મોકલાવ્યા પણ હશે. પણ ગરવી ગુજરાતના ગૌરવ માટેનું આપણું યોગદાન પ્રત્યક્ષ કે પરોક્ષ કંઈ પણ છે. ગુજરાતની ગરીમા જાળવવા આપણે કઈ કર્યું છે? અરે ધીરે ધીરે આપણે ગુજરાતી  બોલવા થી પણ દુર થઈ રહ્યા છીએ. હવે આગળની પેઢી ગુજરાતી બોલાવામાં પણ નાનપ સમજે છે. કચ્છ પણ ગુજરાતનો એક ભાગ છે. આજે કેટલા બાળકો ઘરમાં કચ્છી કે ગુજરાતી બોલે છે ? અંગ્રેજી બોલવામાં પોતાની જાતને civilised સમજે છે. ક્યાં છે આપણી બે પડની રોટલી કે ફજેતો ? કેટલા બાળકો ગુજરાતી કવિતાઓ બોલે છે ? ધન્ય છે એવા કેટલાક Industrialist, કવિ, લેખકો જેમણે ગુજરાતનું ગૌરવ જાળવી રાખ્યું છે.

પણ ગૌરવની વાત એ છે કે આપણા પ્રધાન મંત્રી ગુજરાતી છે. અને તેઓએ હજી ગુજરાતી ભોજન તથા ગુજરાતી વાનગીઓનો મહિમા જાળવી રાખ્યો છે. છેને આ વાત જય જય ગરવી ગુજરાતની !

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

સવિનય જણાવવાનું કે માનવમિત્ર સમિતિને ૨૧ વર્ષ પુરા થતાં, તેમજ મૂઠીભર અનાજ યોજનાને ૧૩ વર્ષ પુરા થતાં તે ઉપલક્ષમાં અમારા સેવાના કાર્યને ધ્યાનમાં રાખી તા. ૨૩–૪–૨૦૧૭ ના દિવસે કચ્છી ભવનમાં સાંજે ૫.૦૦ કલાકે એક કાર્યક્રમ રાખેલ જેમાં પ્રેસીડન્ટ શ્રી સુશીલભાઈ કાપડીયાના પ્રમુખપદે અને તેમની સાથે મંડળના મંત્રીશ્રી, માનવમિત્ર સમિતિના સંચાલક હરીલાલ સાવલા હાજર હતા. શ્રીમતી વાસંતીબેન શાહે કાર્યક્રમની શરૂઆત કરેલ સાથે સાથે શ્રી સત્ય હરીશચંદ્ર ફાઉન્ડેશનના અધ્યક્ષને પણ આમંત્રણ આપેલ. આ કાર્યક્રમમાં ઉપરોક્ત સમિતિના સેવાના કાર્યક્રમ બાબત શ્રી સુશીલભાઈ, હરિલાલભાઈ, શ્રી પ્રેમચંદભાઈએ બે શબ્દ બોલેલ. શ્રીમતી વાસંતીબેને બહુજ સારી રીતે કાર્યક્રમનું સંચાલન કરેલ. આ કાર્યક્રમમાં આપણા મંડળના ૧૫૦ જણની હાજરી હતી. મૂઠીભર અનાજ યોજનાના ૨૬ વોલીન્ટર ભાઈ–બહેનોને તેમના સેવા કાર્યના પ્રોત્સાહન રૂપે અપ્રીસીયેશન સર્ટીફીકેટ આપવામાં આવી.

ત્યારબાદ શ્રી સત્ય હરીશચંદ્ર ફાઉન્ડેશન દ્વારા તેમના લાવારીશ લાશની અંતિમક્રિયાની પ્રવૃત્તિની રૂપરેખાં પરદા પર સ્લાઈડ દ્વારા બતાવવામાં આવી. મૂઠીભર અનાજ ઓજનાના વોલીન્ટરોને તેમના કાર્યને પ્રોત્સાહીત કરવા શ્રીમતી લતાબેન મણિકાંત મોમાયા પરિવાર વતી શ્રી હેમાંગ મોમાયા હાજર રહેલ અને ૨૬ વોલીન્ટરોને મોમેન્ટો અર્પણ કરેલ તે બદલ માનવમિત્ર MBA તેમનો આભાર વ્યક્ત કરે છે. છેલ્લે MBA વોલીન્ટરોએ એક નાનો નાટક (નૂકડ પ્લે) બહુજ સારી રીતે ભજવી બતાવેલ અને સાથે સાથે ડાન્સ ગીતનો પણ કાર્યક્રમ કરેલ. આ કાર્યક્રમ માટે મંડળના કારોબારી ટ્રસ્ટબોર્ડના સભ્યો તેમજ હાજર રહેલ મંડળના સભ્યોએ જે સહકાર આપેલ તે બદલ સમિતિના સર્વે સભ્ય તેમજ MBA ના યુવા કાર્યકર્તા શ્રી હિતેનભાઈ સંઘોઈની આખી ટીમના અમો આભારી છીએ. આવીજ રીતે અમને આપનો સાથ–સહકાર હેમશા મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રી કૌશિક એચ મહેતા. પૂ પિતાશ્રીના સ્મણાર્થે | - | - | ૧ | - | - | - |
| રંજન બી. શાહ | - | - | ૨ | - | - | - |
| જ્યોતિબેન ડી. વોરા | - | ૫૦૦ | - | - | - | ૫૦૦ |
| સંદિપ વી. નાગડા | - | - | - | ૫૦૦ | - | - |
| • ફેબ્રુઆરી ૨૦૧૭:મણીબેન રતનશી ગોગરી પરિવાર | - | - | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| • માર્ચ ૨૦૧૭ : મણીબેન રતનશી ગોગરી પરિવાર | - | - | - | - | - | ૧૦૦૦ |

• નોંધ : ઉપરની વિગત શરતચુકથી આપવાની રહી ગયેલ.

| **છાસ વિતરણ યોજના :** | **દાનની વિગત :** |
|---|---|
| મે. બોમ્બે સ્ટોર્સ | રૂા. ૮૦૦૦.૦૦ |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | રૂા. ૯૦૦૦.૦૦ |
| શ્રીમતિ જયાબેન નેમજી કક્કા | રૂા. ૮૦૦૦.૦૦ |
| (ચિ. વીધી, ધીર, ક્ષિતિજ જન્મદિન નીમિત્તે) | |
| શ્રીમતી નીતા દીપક માલદે | રૂા. ૧૦૦૦.૦૦ |
| શ્રીમતી જયવંતીબેન નેમજી ધરોડ | રૂા. ૮૦૦૦.૦૦ |
| શ્રીમતી નીશા હરીશ ગાલા | રૂા. ૨૦૦૦.૦૦ |
| મનીશા મોહન ગાલા | રૂા. ૮૦૦૦.૦૦ |
| સ્વ. મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા | રૂા. ૮૦૦૦.૦૦ |

છાસ વિતરણ સેવા હજી ચાલુ છે અને સભ્યો પોતાની ઈચ્છા મુજબ રકમ લખાવી શકે છે. આ બાબતની વધુ માહિતી માટે શ્રી હીતેન સંઘોઈ, ફોન : ૯૮૪૯૧ ૬૪૨૨૧નો સંપર્ક કરવા વિનંતી.

## સંસ્થા સમાચાર

☛ **ભલારા ભક્તી મંડળ, હૈદરાબાદ**ના ઉપક્રમેં દાદા ભલારાને નમતા ભાવીકો માટે ભલારા સ્થાનક 'લાલપર યાત્રાનો' આયોજન કરવામાં આવેલ છે. શનિવાર, તા. ૩૦ સમ્પટેમ્બર ૨૦૧૭ દશેરાના દિવસે રાતના ઠીક ૧૧.૩૦ વાગે કાચીગુડા થી પ્રસ્થાન કરી **લાલપર, જામનગર, વિરપૂર, નાગેશ્વર, ચોટીલા ચામુંડા માતાના મંદિરે તથા રાજકોટ** ઈત્યાદી સ્થાને સેવા પૂજા દેવદર્શન કરી પાછા બુધવાર, તા. ૪ ઑક્ટોબર ૨૦૧૭ના હૈદરાબાદ માટે પ્રસ્થાન કરશું, નકરો વ્યક્તી દીઠ રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે. તારીખ ૩૧ મે ૨૦૧૭ પહેલા શ્રી ગુલાબચંદ પદમશી મોતા, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા તથા શ્રી હંસકુમાર રાયચંદ સાયલા પાસે નકરાની રકમ આપી નામો લખાવવા વિનંતી. વધુથી વધુ સંખ્યામાં યાત્રામાં જોડાઈ એક સુંદર આયોજનને સફળ બનાવશો.

☛ **દક્ષિણ ભારત કચ્છી વિશા ઓસવાલ સમાજ, હૈદરાબાદ**ના નેજા હેઠળ યુથ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૩/૪ જૂન ૨૦૧૭, **સ્થળ** : દાંડેલી (હુબલી) છે. ૧૮ થી ૨૪ વર્ષના અપરીણિત યુવા-યુવતીઓ ભાગ લઈ શકશે. ફી રૂા. ૨૦૦૦ ભરવાની રહેશે. પ્રવાસ રેલ્વે દ્વારા છે. ઈચ્છુક ભાઈ-બહેનોએ નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી. કિરણ રાંભીયા : ૮૮૮૬૮ ૯૯૬૬૮.


# GALA PICKLES



**સીઝન હોય કે ન હોય અમારે ત્યાં શુદ્ધ અને સાત્વિક રીતે તાજા ઘરે બનેલા કેરીના અથાણા અને ટમેટા ચટણી વગેરે અમારે ત્યાં બારે માસ મળશે.**

- **કેરીનો અથાણો લસણ વાળો અને વગર લસણનો**
- **છુંદો, ગોળ કેરી, ગુંધા કેરી, ટમેટા ચટણી, આથેલા મરચાં વગેરે મળશે**
- **થેપલા ઓર્ડરથી બનાવી આપવામાં આવશે**

Contact : **Sonal J. Gala - 9291336291**

(જા. ખ.)

## શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

શાંતિવન સમિતિ સહર્ષ રજુ કરે છે

# ''મેરે સુર... તેરે ગીત''

## સુમધુર ગીતોની મહેફીલ

**સમય : રવિવાર, તા. ૨૮ મે ૨૦૧૭ સાંજના ઠીક ૬.૦૦ વાગ્યાથી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**૫૦ વર્ષથી ઉપરના સર્વે મિત્ર મંડળના સભ્યોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે, ૫૦ વર્ષથી ઉપરના સભ્યની પત્ની, ૫૦ થી અંદરના હોય તો પણ તે આમંત્રિત છે. ૫.૩૦ પહેલા રૂ.૨૦/- ભરી પ્રવેશ પત્ર મેળવી લેવા ખાસ આગ્રહ ભરી વિનંતી (વહેલો તે પહેલો અનુસાર પહેલા ૧૦૦ જણાઓને લકી કુપન આપવામાં આવશે). અમારા કાર્યકાળનો આ છેલ્લો કાર્યક્રમ ભવ્યાથી ભવ્ય સ્વરૂપમાં ઉજવવા વધુથી વધુ સંખ્યામાં સમયસર પધારી અનુગ્રહીત કરશોજી. ધન્યવાદ**

**હંસકુમાર રાયચંદ સાયલા**
સંચાલક - શાંતીવન સમિતિ

**શ્રી સુશીલકુમાર ધીરજભાઈ કાપડીયા**
પ્રમુખ

**શ્રી પ્રેમચંદ કેશવજી છેડા**
માનદ્ મંત્રી

- પ્રવેશ પત્રની રકમ માટે રૂ. ૧૦/- ની બે નોટ લાવશો જેમાથી લકી ડીપ કાઢી ઈનામ આપવામાં આવશે.
- વિશેષ કાર્યક્રમમાં વડિલોની રેમ્પવૉક આકર્ષક પરિધાનમાં રાખવામાં આવેલ છે. જેમાં બે ગ્રુપ હશે. ૫૦ થી ૬૦ વર્ષના વડિલો માટે તથા ૬૦ વર્ષથી ઉપરના વડિલો માટે. પ્રત્યેક માં બે ઈનામો આપવામાં આવશે. (1) Graceful Grand Pa (2) Graceful Grand Maa

**કાર્યક્રમના સહાયક દાતા છે.**

૧) શ્રીમતી જયવન્તીબેન નેમજી ધરોડ, ૨) શ્રીમતી મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા, ૩)શ્રીમતી ભોપાલીબેન પુનમચંદ નાગડા **(અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.)**

# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711

## Charitable Clinic

**DOCTORS ON PANEL**

• ALLOPATHY • HOMEOPATHY • CARDIOLOGIST
• GYNAECOLOGIST • CHILDREN SPECIALIST

**Big "Thank You" to our Team of Doctors, Donors, Sevaks, Sponsors, Volunteers & Well wishers on the occasion of**

# 1ST ANNIVERSARY....

# BLOOD DONATION CAMP

## *On Sunday 21st May 2017*
## *from 9.00am to 1.00pm*

*Blood Donation Camp on the occasion of 1st Anniversary to support Thelassemia & Cancer Patients.*

*Free Blood Sugar testing for known diabetic patients with Doctor Consultation (Patients are requested to bring old medical Reports)*

*During first year we were able to serve more than* **10,000** *patients, all this would not have been possible without kind hearted support from Donors & Well wishers.*

(જા.ખ.)

# શિક્ષણ સમિતિ

સંચાલકઃ શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

આ સાથે જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય માટે આવેદન પત્ર (Application Form) કચ્છી ભવનની ઓફીસથી આપવામાં આવશે.

**ખાસ નોંધ :** સિક્ષણ સહાય ફક્ત જરૂરતમંદ સભ્યો માટે છે.

સંપૂર્ણ વિગત ભરેલ આવેદન પત્ર કચ્છી ભવનમાં આપવાની તારીખો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) ધોરણ નર્સરી થી ૧૦ | ૩૦ જૂન, ૨૦૧૭ |
| ૨) ધોરણ ૧૧ થી ઉપર | ૩૧ જુલાઈ, ૨૦૧૭ |

ઉપરોક્ત તારીખ પછી આવેલ આવેદન પત્રો સ્વીકારમાં આવશે નહીં. ફોર્મ સાથે આપે ભરેલ ઘરનું છેલ્લું ઈલેક્ટ્રીક બિલ સંલગ્ન કરવા વિનંતી.

Education Aid Application Forms for Needy Students are available at Kutchi Bhavan's Office.

Please fill up all details and submit the forms as under :

| | |
|---|---|
| 1) Class - upto 10th Std., | Last date 30th June 2017 |
| 2) Class - 11th onwards | Last date 31st July 2017 |

Incomplete forms will not be accepted.

Please attach last paid Electricity Bill along with application form.

---

## જીવન ચક્ર

**શ્રધ્ધાંજલી** વિનોદ કુંવરજી તેજપાર મારૂ, હાલાપર, હૈદરાબાદ






વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

**Kutchi Visa Oswal Jain Samaj,** HYDERABAD
Kiran Rambhia, 1-7-145/17, 1st Floor, Kiran Kunj, Srinivasa Colony,
New Barkatpura, Hyderabad - 500 020 Ph : 88868 99968

# રજત જયંતીના વધામણા...

આપ સૌ સભ્યોને જય જીનેન્દ્ર. આપણો ક.વિ.ઓ. જૈન સમાજ હૈદરાબાદ આ વર્ષ **રજત જયંતિ** વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. આપણા સમાજની આ સુનહરી સફર અવિસ્મરણીય રહી છે. આપ સૌના સાથ સહકાર અને સહયોગથી આ સફર હજી ઘણી આગળ વધે તેવી શુભેચ્છા.

આ પ્રસંગની ઉજવણી કચ્છી નવા વર્ષની શરૂઆતમાં કરવામાં આવશે. અષાઢી બીજ વખતે રમઝાન આવતી હોવાથી આપણે તા. ૯ જુલાઈને રવિવારે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજીશું. આ ઉત્સવને મહાઉત્સવ બનાવવા માટે આપ સૌના સાથની અપેક્ષા છે. મુંબઈ તથા દક્ષિણ ભારતના અગ્રગણીય મહાનુભાવોની હાજરીમાં રંગારંગ કાર્યક્રમ ઉજવવામાં આવશે.

મોદી મંત્ર–**સબકા સાથ સબકા વિકાસ** આપણે સાર્થક કરીશું. આ ભવ્ય કાર્યક્રમમાં આપણા જ મેમ્બરો દ્વારા અદ્ભૂત **સાંસ્કૃતિક કાર્યક્રમ** રાખવામાં આવેલ છે. કોઈ પણ વય મર્યાદા વગર આપ સૌ સભ્યો આમાં ઉત્સાહભેર ભાગ લઈ શકશો. શર્ત ફક્ત એટલી જ કે આપ એક સારા ગાયક/નૃત્યકાર હોવા જરૂરી છે. લગભગ ૧॥ કલાક ના આ Cultural પ્રોગ્રામ માટે બે વિષયો નક્કી કરવામાં આવ્યા છે.

૧) **કલ આજ ઔર કલ.** જેમા એક ફિલ્મી ફેમીલી પર એમના વિવિધ ફિલ્મગીતો પર Professional Choreographer દ્વારા પ્રશિક્ષિત કાર્યક્રમ કરવો. Professional Choreographer એમની Vigorous training આપી કાર્યક્રમ ગોઠવશે. અને બીજો વિષય છે. વિવિધ કવ્વાલીઓનો જનાના/મર્દાનાનો શાનદાર અભિનય સાથે જુગલબંધી મુકાબલો. જેમા Professional Cherographer તથા Orchestra દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવશે. આ બન્ને કાર્યક્રમો આપણા સમાજ માટે પ્રથમ વાર યોજવામાં આવ્યા છે. તો જેમને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવાની ઈચ્છા હોય તો આપ **(૧) શ્રી મનોજ સાવલા, મો. 98497 74845 (૨) શ્રી હરેશ દેઢિયા, મો. 95337 88822**નો સંપર્ક સાધવા વિનંતી છે. જેથી કરીને વહેલી તકે આ પ્રોગ્રામોની પ્રેકટીશ શરૂ કરી શકીયે.

## ૨) EPS (Effective Public Speaking)

ઉનાળાના વેકેશન નો સદ્ઉપયોગ કરવા માટે ક.વિ.ઓ. સમાજે ૫ દિવસિય EPS નો કાર્યક્રમ ૨૩,૨૪,૨૫,૨૬ અને ૨૭ મે ને સાંજે ૬ થી ૯.૩૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. આપણો તરૂણ વય નો વર્ગ આ માં સક્રિય ભાગ લઈ શકે છે. કચ્છી ભવન મધ્યે યોજવામાં આવેલ, આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન કરશે આપણાજ સભ્ય શ્રી ભરતભાઈ ધરોડ અને તેમની ટીમ. તો આપ સર્વેને વિનંતી છે કે વધુ ને વધુ સંખ્યામાં આ પ્રોગ્રામમાં ભાગ લઈ આ EPS (Effective Public Speaking) ને સફળ બનાવજો.

ઇ.પી.એસ. માં ભાગ લેનાર ઈચ્છુકે પોતાનું નામ સેક્રેટરી શ્રી કિરણ રાંભિયા (૮૮૮૬૮૯૯૯૬૮) નો સંપર્ક કરી નામ રજીસ્ટર કરવાવા વિનંતી છે, નોંધણીની છેલ્લી તા. ૨૦મી મે છે. મર્યાદિત સીટો હોવા થી વહેલો તે પહેલો ના ધોરણે રજીસ્ટર કરવામાં આવશે. તો નિરાશા થી બચવા માટે આપના નામ તુરંત નોંધવવા વિનંતી. આ વર્ષના યુવા કેમ્પમાં તા. ૨ જૂન ના દાંડેલી યુથ કેમ્પમાં ૨૫ યુવાની ટીમ ભાગ લઈ રહી છે.

**નિતીન ધરોડ**
પ્રમુખ

**કિરણ રાંભિયા**
મંત્રી

(જા.ખ.)

## *Shanti* PRIMARY SCHOOL

સંચાલકઃ હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

*"Education is is the source of knowledge. Along with this knowledge, discipline has to be inculcated in every child."*

School has rendered 11 years of service towards providing quality education with the focus on the holistic development of the students we ensure that every child is motivated to exhibit his/her hidden talents by making them participate in all activities.

As the academic year 2016-17 comes to a close, let us have a brief glimps of all the activities that marked the school calendar during the academic year 2016-17.

**JUNE 2016**

- On 8th June 2016, we were glad to see every child fully refreshed, enthusiastic, eager and committed to be a better student.
- Hand writing competition was conducted on 29th which laid emphasis on the improvement of the handwriting skills in every students.

**JULY 2016**

- On 5th, significance of Ramzan was explained to the children in Assembly.
- Colouring competition was held for LKG to V class students on 14th.

**AUGUST 2016**

- From 3rd to 5th August, Haritha Haram Vanamahotsava day was celebrated in School premises, where various saplings were planted.
- on 8th many students made national flag, decorated with various craft materials.
- 70th Independence Day was celebrated with full of enthusiasm zeal and patriotic fervour at Kutchi Bhavan.
- On 17th Raksha Bandhan, following the tradition, where girls tied Rakshi to boys and boys in turn made cards.
- A skit was performed by Teachers on 24th on the occasion of Janmastami.

**SEPTEMBER 2016**

- In order to promote the use of eco-friendly Ganesh idols, students learnt making clay idols on 2nd. Sept.
- On 2nd Sept., the same day, the significance of paryushan was explained to the students.
- Students of class IV & V conducted games and entertained the teachers on 5th the Teachers day.

**OCTOBER 2016**

- School organized Rhymes recitation event for Nursery to UKG classes on 26th.
- Elocution competition was conducted on 27th for I to V class students.

**NOVEMBER 2016**

- Grand parents day was celebrated in school on 4th.
- On 14th Children's Day, students were taken to Baglingampalli Park.

**DECEMBER 2016**

- School organised Annual Sports Meet on 19th in frolicsome atmosphere at Kutchi Bhawan.
- Marking Mathematics Day on 22nd explanation about Ramanujan, his theories, Aryabatta's concept of Zero was explained.
- 23rd Dec., school celebrated Christmas day. Santa distributed Chocolates to the students.

**JANUARY 2017**

- Sankranti was celebrated on 11th where a portion of school was transformed into village.
- On this occasion Parent - Child Rangoli and Kite making competition were held on the same day 11th Jan.
- A miniature parade was held in school on 68th Republic Day.

**FEBRUARY 2017**

- The school organized a Picnic for students of LKG to V class to Dhola-ri-Dhani on 9th.
- On the way to Dhola-ri-Dhani, the students were taken to Karthikavanam Forest Department.
- colouring competition for Nursery students story telling competition for LKG and UKG students and Debate competition for I to V class. students were conducted on 13th
- Memory Testing game was conducted by the school for LKG to V class students on 23rd.

**MARCH 2017**

- Colourful performances were presented on its 11th Annual Day Celebration on 3rd.
- Granduation Cermony was held for the first time for V class students for the completion of studies in our school.

The academic year 2016-17 has now reached to an end at Shanti Primary School.

It is interesting to note that every academic year that we pass through is unique by itself oferring something new and valuable to implement. We are now moving towards next academic year 2017-18.

This year the school is planning to renovate the washrooms and whitewash the whole school to give a new look. Another change implemented this year is that, the school is planning to go for a change in school uniform pattern and colour which will not only make the children comfortable but it will also give them an impressive look.

Admissions are opened for classes Nursery to V. School office remains open on all working days i.e. Monday to Saturday between 9.30 am to 11.30 am. in the month of May.

The school commences after vacation on 12th June 2017.

# વિવિધા

## વેકેશન

– ચંદન હરીશ હરીયા

હાશ.... શાળાઓમાં રજા પડી કેવી મજા... આવું વિચારીને બાળક હજી તો પોતાનું રાજીપો વ્યક્ત કરે એ પહેલા તો મમ્મીઓનું ટેન્શન એમના ચહેરા પર દેખાઈ આવે છે. અરે, હવે તો આ છોકરાવ હેરાન કરી દેશે... દમ કાઢી નાંખશે. ક્યા ક્યા નવા કલાસ ચાલુ થયા છે, આજુ બાજુ, બહેનપણીઓ. સગા–સંબધી બધાથી માહિતી લઈને બાળકોને સમર કેમ્પમાં મોકલશે. સવારે એક કલાસ હશે તો સાંજે બીજો હશે. ભર તડકામાં પોતે હેરાન થઈને પણ બાળકોને વધારે હેરાન કરશે.

હજી તો બાળક માંડ સ્કુલ અને ટ્યુશન કલાસથી નિરાંત પામે ત્યાં એના માટે આ સજા તૈયાર હોય છે. એકવાર તમે તમારો બાળપણ યાદ કરો. તમે કેવી મસ્તી કરી હતી. વેકેશનમાં બધા ભાઈ–બહેનો (ફોઈ, મામા, માસીના બાળકો) ભેગા થઈને ધમાલ કરી છે કે નહીં ? (અમે તો બહુજ કરી છે) કલાસેસના ટેન્શનમાં તમારા બાળકો એવું બધું માણે છે ?

હમણાં સમર કેમ્પનો રાફડો ફાટયો છે. મોંઘીદાટ ફીસ લઈને ઘણું શિખવાડવાનો દાવો કરે છે. ડ્રોઈંગ, યોગા, ડાંસ, સ્વીમીંગ સ્પોર્ટસ, પર્સનાલીટી ડેવલપમેન્ટ ઈત્યાદી. પણ તમેજ વિચારો કે જે શિખવવામાં વર્ષો લાગે છે એ શું ૧૫–૨૦ દિવસમાં એ વિદ્વાન અને પરીપૂર્ણ થઈ જશે ? ન જ થવાય. એમને કલાસેસમાં મોકલો પણ એમની ક્ષમતા જોઈને, એમના ઉપર ભાર નાંખીને નહી... બીજાનો બાળક સમર કેમ્પમાં જાય એટલે મારા બાળકનું જવુ પણ જરૂરી છે આવા વિચારો થી દૂર રહેજો...

તમારા બાળકને વેકેશનમાં એને મનગમતું બધુજ કરવા દો તમે પણ એની સાથે બાળક બની જાઓ. એમના દોસ્ત બની જાઓ, એમની જ હેલ્પથી એમનું મનગમતું બનાવો. રસોડામાં પણ એ તમને નાની–નાની મદદ કરી ખુશ થશે. હા, કયારેક થોડુ ઘણું નુકશાન પણ થાય એ તો મોટાઓથી પણ થાય... એની સાથે તમારા બાળપણની વાતો શેયર કરો. કઝીન્સ ૪–૬ દિવસ ભેગા રહે એવા પ્રોગ્રામ બનાવો. એમને પણ એમની આઝાદી માણવા દો...

નાના–નાની દાદા–દાદી સાથે સમય પસાર કરશે તો એમની પાસેથી અવનવી વાતો જાણશે. એમની વાર્તાઓનો ખજાનો બાળકોના માનસ પટલ ઉપર કાયમ કંડારાઈ જશે. મારો પૌત્ર અને દોહિત્ર બન્ને મને પોતાનો ''બેસ્ટ ફ્રેન્ડ'' માને છે અને પોતાની નાની–નાની વાતો શેયર કરે છે. પોતાના નાના–નાના સિક્રેટ અને પ્રોબ્લેમ જ્યારે વિશ્વાસથી શેયર કરે છે એ અનુભુતિ શબ્દોમાં વ્યક્ત ન થઈ શકે.

બાળકો ઉપર વેકેશનનો વજન ન નાંખતા બસ તમે તમારો થોડો સમય એમના માટે આપો. થોડી શાંતિ અને ધીરજથી એમને સમજવાનો પ્રયત્ન કરો. તમે પણ ઉત્સાહથી નાની–નાની વાતોમાં એમના માનસને સમજો. તમે પણ મજા માણશો વેકેશન કયારે પડે એની તમે પણ બાળકો સાથે રાહ જોતા થઈ જશો...


**ફ્લેટ ભાડે આપવો છે**

**3BHK - 24 કલાક પાણી, લીફ્ટ કાર પાર્કીંગ – હવાઉજાસ વાળો**

R.K. Estate, જલારામ મંદિરની બાજુમાં, બીજા માળે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

**સંપર્ક : 99496 18076**

(જા. ખ.)

# FIRST SKILL

## SPORTS AND ARTS

1.LOGICAL AND REASONING PROGRAM FOR KIDS ....ITS LIKE SPORTS FOR THE BRAIN
(Enhances logical & reasoning abilities in kids )

2.DOODLING AND DRAWING, ARTS AND CRAFTS IS A FUN WAY OF ENHANCING CREATIVITY.
( As part of doodling sessions we will doodle on shoes and wood pieces)

icandoodle

3.TIME TO GET OFF THE SCREEN AND ON THE GROUND...PHYSICAL FITNESS SESSIONS THROUGH
GYMNASTICS,
CHESS,
SELF-DEFENCE AND
FOOTBALL
AT VARIOUS LOCATIONS





****SPECIAL DISCOUNTS FOR KUTCHI COMMUNITY***

For details call:Shilpa Jopat-99491 66541,
Komal Goel-97017 52727,
Nehal Rinkan Nagda-98494 95431

(જા.પ.)

# પ્લીઝ તું વધારે પડતી હમદર્દી ન બતાવ !

સંકલન – **પંકજ વલ્લભજી સાવલા**

***આપે છે દિલાસા અને રડવા નથી દેતા, દુઃખ મારું મને મિત્રો જીરવવા નથી દેતા,***
***આંસુઓ ટકાવે છે મને ભેજ બનીને, એ જીવતા માણસને સળગવા નથી દેતા.***

દરેક વ્યક્તિને કોઈક ઉપર લાગણી હોવાની જ. દરેક માટે કોઈ વ્યક્તિ ખાસ હોવાની જ. આપણને જેના ઉપર લાગણી હોય એની કેર કરવાનું આપણને ગમતું હોય છે. ઘણી વખત આપણે ફરજ સમજીને પણ કોઈનું ધ્યાન રાખતાં હોઈએ છીએ. જેના પ્રત્યે સ્નેહ હોય એ ક્યાંય ગયા હોય તો પણ આપણે પૂછી લેશું કે, બરાબર પહોંચી ગયા ? કોઈ તકલીફ તો નથી પડીને ? બધું કમ્ફર્ટેબલ છે ને ? કંઈ કામ નથીને ? આપણને ખબર હોય કે એ પહોંચી વળે એમ છે તોપણ આપણે તેની ખબર પૂછી જોશું. કંઈક પ્રોબ્લેમ થશે તો સહુથી પહેલો મને ફોન કરશે, એની ખબર હોય તોપણ આપણે સામે ચાલીને ચેક કરીશું. આવું થવું સ્વાભાવિક છે. જેના પર સ્નેહ હોય એની ચિંતા થાય એ પણ એક પ્રકારનો પ્રેમ જ છે. આમ છતાં એક હકીકત એ છે કે, હમદર્દીનો પણ અતિરેક ન થવો જોઈએ. ઘણી વાર માણસ એટલું બધું ધ્યાન રાખતો હોય છે કે સામા માણસને ગૂંગળામણ થવા લાગે.

હું છું ને, હું કરી દઉં છું ને, તું ચિંતા ન કર. આવું કહીને આપણે તેને કંઈ કરવાની છુટ કે મોકો જ આપતાં હોતા નથી. હમદર્દી અને સહાનુભૂતિની પણ એક મર્યાદા હોવી જોઈએ. બનવા જોગ છે કે એ ન પણ પડે. દોસ્તી, પ્રેમ અને લાગણીમાં મોકળાશ જરૂરી હોય છે. જરૂર પડે ત્યારે હાજર હોઈએ એ પ્રેમ છે, પણ જરૂર ન હોય ત્યારે ગેરહાજર રહેવું એ સમજણ છે.

તમે તમારી ભૂમિકા જેટલી ભજવવાની હોય એટલી જ ભજવો છો ? એક કલાકારે સરસ વાત કહી હતી કે એક્ટિંગ યોગ્ય હોવી જોઈએ, ઓવર એક્ટિંગથી માણસ ઓળખાઈ જાય છે. હમદર્દી માટે પણ આ વાત એટલી જ લાગું પડે છે. ભૂમિકા ભજવવાની હોય ત્યારે જ મંચ ઉપર આવવું અને ભૂમિકા પૂરી થાય એટલે મંચ છોડી દેવો એજ સાચા વ્યક્તિની ઉમદા નિશાની છે.

કુદરતે દરેક વ્યક્તિને પોતાની લડાઈ લડવાની તાકાત આપેલી જ હોય છે. એના વતી લડાઈ કરવા નીકળવાની જરૂર નથી. હા, જરૂર પડે ત્યાં ઢાલ બનો પણ એની લડાઈ એને જ લડવા દો. કોઈના હિતની એટલી બધી ચિંતા પણ ન કરો કે જાણે–અજાણે એનું અહિત થઈ જાય. દરેકની સુખની વ્યાખ્યા પોતાની હોય છે જે વ્યક્તિને પોતાની રીતે સુખી રહેતા આવડતું હોય એને એની રીતે રહેવા દેવી જોઈએ. એને દુઃખી સમજીને આપણે ઘણી વખત એનું સુખ છીનવતા હોઈએ છીએ. સ્નેહ પણ સતામણી ન બની જાય એની તકેદારી રાખવી જોઈએ. પંખી પાંજરામાં સેફ હોય છે, પણ પાંજરામાં આકાશ હોતું નથી.

**છેલ્લો સીન :** કોઈને તરસ લાગી હોય ત્યારે તેની તરસ છીપાય એટલુંજ પાણી આપો, વધુ પડતું પાણી ક્યાંક એને ડૂબાડી ન દે !

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા. ખ.)

# SHRI KUTCHI MITRA MANDAL

SANCHALIT

MATUSHREE SHANTABEN HIRJI KANJI GOSAR

## Shanti PRIMARY SCHOOL

AMRAT - KAVITA KAPADIA BHAVAN

Admissions Are Open

## SALIENT FEATURES

- Classes from Nursery to V
- Spacious and Airy Class Rooms.
- Qualified trained and experienced Teachers.
- Nursery section equipped with the necessary furniture, toys and play materials.
- A nice play ground with play items.
- Audio-Visual classes from Nursery to V
- Extra Curricular activities like Dance, Yoga, Drawing, Art and Craft.
- Library Room to inculcate the reading habit in every student.
- Each child is given the opportunity to participate in events like Annual/Sports day, Science and Craft Exhibition, etc.
- Educational and Recreational Tours for Students.
- Well Equipped Computer Lab.
- Medical Check-up for Students.

3-4-1013/5, Rajendra Colony, Lane opp. to Kachiguda Railway Station,
Barkatpura, Hyderabad - 500 027. (T.S.)
Tel: 040- 27566477 E-mail: shantiprimaryschool@gmail.com

વડીલો – સામાજિક સંસ્થાઓ જાગો !!!

# છૂટોછેડા – સમાજ માટે લાલબત્તી

**–– દિનેશ કલ્યાણજી ગોસર**

છેલ્લા કેટલાક વર્ષોથી આપણા સમાજમાં છૂટા છેડા ની સમસ્યા એ હદ ચાર કરી છે. હાલમાં આ સમસ્યાએ સમાજને ભરડો લીધો છે. કલ્પના પણ ન કરી શકાય એ હદે સમસ્યા વકરી છે. ભારતભરમાં આપણાં સમાજમાં હજારોની સંખ્યામાં છૂટા છેડા માટેના કેમ ચાલી રહ્યા છે. લગ્નબાદ બે–ચાર લગ્ન જીવનના ૧૦–૧૫–૨૦ વર્ષો એકાદ કેસ તો ૪૦ વર્ષોના લગ્ન જીવનમાં લંગાણના સમાચારથી માથું ચકરાવે ચડી જાય છે.

ધર્મમાં વિશ્વાસ ધરાવનારા યુગલોની ઈમારત મજબૂત થાય છે. એક–બીજી પ્રત્યે વિશ્વાસથી સંસારની ઈમારત મજબૂત રહે છે. એ વિશ્વાસના પાયામાં સમજૂતિનો કે સહનશીલતાનો અભાવ ઈમારતને જોખણી બનાવે છે. 'ઈગો' એ આપણા દરેકના મગજમાં પગપેસારો ભયંકર હદે કર્યો છે. એમાંથી સર્જાતી પરિસ્થિતિ પરિવાર કે સમાજ માટે અત્યં ઘાતક છે.

લગ્નો સ્વર્ગમાં રચાય છે, પૃથ્વી પર જિવાય છે. પણ જો સૌથી વધુ ગાજતા હોય તો તે કોર્ટરૂમ છે, અથવા મધ્યસ્થીઓ દ્વારા થતી મિટીંગો છે. વાસણ સાથે હોયતો અખડે પણ એ વાસણમાં તિરાડ પડે એટલા હદે અખડે તો વાસણ નકામું થઈ જાય છે. સંસાર રથમાં પતિ અને પત્ની બે પૈડા છે. એમાં સમન્વય બની રહેતો હોય તો ગૃહસ્થીનો રથ પર્યાપ્ત સમજૂતિ સાથે આગળ ધપે છે. ત્યારે સ્વનું, પરિવારનું અને સમાજનું સુખ ઉપર્જિત થાય છે. પહેલાના વખતમાં લગ્નો ટકતા હતા ત્યારે એકબીજા સાથે લાગણીના સંબંધો હતા. વડીલોની આમન્યા હતી. જતું કરવાની ભાવના હતી. મોજ–મસ્તીના સાધનોનો વ્યાય ઓછો હતો. સંયુક્ત કુટુંબ તેમજ કુટુંબ ભાવના એ મહત્વો ભાગ ભજવતા. સાથો સાથ પોતાનાં બાળકોજી સિક્યોરિટી પણ એમાં હતી. છેલ્લે વધ–ઘટમાં પડ્યું પાનું નિભાવી લેવાના સંસ્કાર હતા.

મોટા અણબનાવ વખતે કુટુંબના વડીલો મધ્યસ્થી કરી પરિસ્થિતિ થાડે પાડતા હતા. ઘરનું ઘરમાં સચવાઈ જતું હતું. વધારે માં વધારે બંને પક્ષમાં માવિત્રો બેસીને પરિસ્થિતિ સૂલઝાવી લેતા હતા. અને ખૂબજ ગંભીર પરિસ્થિતિ હોય તો ગામના કે સમાજના વડીલો બેસી એનો ઉકેલ પરસ્પર સમજૂતિથી લાવી દેતા હતા. હાથ બહારની પરિસ્થિતિ જ કોર્ટ રૂમ સુધી પહોંચતી તે પણ નગણ્ય આર્થિક વહેવાર અને બાળકોની કસ્ટડી માટે મહત્વની હોય તોજ.

